For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

### કલ્પવૃક્ષ કોમ્પ્લેક્સ સામેની ગલીમાં ઇન્જેક્શન અને દવાઓ ફેંકાઇ, રોગચાળાનો ભય

# ગોત્રીમાં જાહેર માર્ગ પર મેડિકલ વેસ્ટનો ખડકલો

**આરોગ્ય વિભાગ** કડક પગલાં લેશે કે મામલો રફે-દફે કરાશે ?



અહીંથી રોજના સેંકડો લોકો અને બાળકો પસાર થાય છે. આ ખુલ્લો મેડિકલ વેસ્ટ ગંભીર રોગચાળો ફેલાવી શકે છે. ચોમાસાની ઋતુ નજીક હોય ત્યારે આવી બેદરકારી સ્થાનિકોના જીવ જોખમમાં મૂકે છે. – **સ્થાનિક રહીશ**

(પ્રતિનિધિ), વડોદરા. તા.૧૬ ગોત્રીના પોશ ગણાતા વિસ્તારમાં આવેલા કલ્પવૃક્ષ કોમ્પ્લેક્સ સામેની ગલીમાં, રોડના કિનારે અત્યંત બેદરકારીપૂર્વક અને ગેરકાયદેસર રીતે બાયો-મેડિકલ વેસ્ટ જાહેરમાં ફેંકી દેવામાં આવતા સ્થાનિક રહીશોમાં ભારે આક્રોશ ફાટી નીકળ્યો છે. પ્રાથમિક તપાસમાં જે વિગતો બહાર આવી છે તે વધુ ચોંકાવનારી છે. જાહેર માર્ગ પર ફેંકી દેવાયેલી દવાઓ અને ઈન્જેક્શનની સામગ્રી એક્સપાયરી ડેટ વગરની હોવાનું સામે આવ્યું છે. આ બાબતથી અનેક સવાલો ઉભા થયા છે. શું કોઈ હોસ્પિટલે પોતાનો કચરો નિયમબદ્ધ નિકાલ કરવાના ખર્ચ બચાવવા અહીં ઠાલવ્યો છે ? અથવા તો કોઈ મેડિકલ સ્ટોરે ગેરકાયદેસર પ્રવૃત્તિના પુરાવા છુપાવવા માટે રાતોરાત આ કરતૂત કરી છે ? આ સમગ્ર મામલે હાલ મોટું રહસ્ય અકબંધ છે અને સ્થાનિકોમાં જાતજાતની ચર્ચાઓએ જોર પકડ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે, અગાઉ પણ ગોત્રી વિસ્તારમાં આરોગ્ય વિભાગ દ્વારા તપાસના નામે અનેક મેડિકલ સ્ટોર્સ સામે દંડાત્મક કાર્યવાહી કરવામાં આવી હતી. પરંતુ, આ નવી ઘટના પુરવાર કરે છે કે આવા તત્વોમાં કાયદાનો કોઈ ડર રહ્યો નથી. દંડની રકમ નાની હોવાને કારણે અથવા તો રાજકીય ઓથને લીધે આવા તત્વો બેફામ બન્યા હોવાનો આક્ષેપ પણ થઈ રહ્યો છે. હવે આ સમગ્ર મામલો મીડિયામાં આવતા જ સ્થાનિક રહીશોની નજર આરોગ્ય વિભાગ પર ટકેલી છે. જનતા પૂછી રહી છે કે, શું મહાનગરપાલિકાનું આરોગ્ય તંત્ર આસપાસના સીસીટીવી ફૂટેજ ચેક કરીને ગુનેગારોને શોધશે ? જાહેર આરોગ્ય સાથે ચેડાં કરનારા જવાબદારો સામે કડક કાયદાકીય કેસ થશે કે પછી દર વખતની જેમ મામલાને ભીનો સંકેલી રફે-દફે કરી દેવાશે ? સ્થાનિકોએ ચીમકી ઉચ્ચારી છે કે જો આગામી ૨૪ કલાકમાં આ કચરો હટાવીને જવાબદારો સામે ઉદાહરણરૂપ પગલાં લેવામાં ન આવે, તો ઉચ્ચ સ્તરે રજૂઆત કરાશે.

### ઉપવન હેરિટેજ પાસે અધૂરી રોડની કામગીરી વચ્ચે કીચડનું સામ્રાજ્ય

# ખોડિયારનગર પાસે હજારો લિટર પીવાનું પાણી ગટરમાં વહી ગયુ



(પ્રતિનિધિ), વડોદરા. તા.૧૬ વડોદરા મહાનગરપાલિકાના કહેવાતા સ્માર્ટ તંત્રની વધુ એક ઘોર બેદરકારી સામે આવી છે, જેના કારણે સ્થાનિક જનતા ભારે હાલાકીનો સામનો કરી રહી છે. શહેરના ખોડિયારનગર વિસ્તારમાં આવેલા ઉપવન હેરિટેજ પાસે રોડની વચ્ચેથી અચાનક પાણીના ફુવારા ઉડતા જોવા મળ્યા હતા. જમીનની અંદરથી પસાર થતી મુખ્ય પાણીની લાઈનમાં મોટું લીકેજ સર્જાવાના કારણે હજારો લીટર પીવાનું ચોખ્ખું પાણી રસ્તા પર ફરી વળ્યું હતું. આ કિંમતી પાણીનો મોટો જથ્થો વેડફાઈને સીધો ગટરમાં વહી રહ્યો છે, જેને લઈને સ્થાનિક લોકોમાં તંત્ર સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે. આ વિસ્તારમાં છેલ્લા ઘણા સમયથી રસ્તાની કામગીરી ચાલી રહી છે. રોડ રસ્તાના આ ખોદકામ અને અધૂરી કામગીરીના લીધે વાહનચાલકો અને રહીશો ઓલરેડી ભારે મુશ્કેલીનો સામનો કરી જ રહ્યા હતા. તેવામાં જ્યાં રસ્તાનું કામ ચાલી રહ્યું છે તેનાથી થોડા જ અંતરે પાણીની લાઈન લીકેજ થતાં પરિસ્થિતિ વધુ વણસી છે. રસ્તા પર પાણી ભરાઈ જવાના કારણે સમગ્ર વિસ્તારમાં ભારે કીચડનું સામ્રાજ્ય સર્જાયું છે. આ ગંદકી અને કીચડમાંથી પસાર થવા માટે સ્થાનિક લોકોને ભારે હાલાકી ભોગવવી પડી રહી છે, તેમજ મચ્છરોનો ઉપદ્રવ અને રોગચાળો ફાટી નીકળવાનો ભય પણ સેવાઈ રહ્યો છે. વડોદરા શહેરમાં ઠેર-ઠેર આ પ્રકારે પાણીની લાઈનોમાં લીકેજ થવાની ઘટનાઓ સામાન્ય બની ગઈ છે. એક તરફ ઉનાળાની ઋતુમાં નાગરિકો પાણીના એક-એક ટીપા માટે વલખા મારતા હોય છે, ત્યારે બીજી તરફ પાલિકાની બેદરકારીના કારણે લાખો લીટર શુદ્ધ પીવાનું પાણી ગટરોમાં વહી રહ્યું છે.

### ગણતરીના કલાકોમાં જ પોલીસે માથાભારે તત્વોને દબોચ્યા

# લામડાપુરા ગામના સરપંચ પુત્ર અને સાગરિતોનો પોલીસે વરઘોડો કાઢ્યો



(પ્રતિનિધિ), વડોદરા. તા.૧૬ સાવલીના લામડાપુરા ગામમાં સરપંચના પુત્ર દ્વારા બહારના શખ્સોને બોલાવી ગ્રામજનોમાં ભયનો માહોલ સર્જ્યાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં પોલીસે તપાસ હાથ ધરી છે. આ શખ્સો તલવાર, ધારીયા, ફરસી અને પિસ્તોલ જેવા હથિયારો સાથે ખુલ્લેઆમ ધમકીઓ આપતા અને વાહનોમાં તોડફોડ કરતા દેખાતા હોવાથી સરપંચના પુત્ર ઉપેન્દ્રસિંહ પરમાર સહિત 10 જેટલા લોકો સામે ગુનો નોંધવામાં આવ્યો છે અને ગણતરીના કલાકોમાં જ પોલીસે ગુંડા તત્વોને ઝડપી પાડી તેમનો વરઘોડો કાઢીને કાયદાના પાઠ ભણાવ્યા હતા. સોશિયલ મીડિયા પર “લામડાપુરા ગામે સરપંચના પુત્રએ અસામાજિક તત્વોને બોલાવી ગ્રામજનો પર હુમલો કરાવ્યો” શીર્ષક સાથેનો વીડિયો વાયરલ થયો હતો. એક સફેદ કારમાં બેઠેલા સરદારજી જેવા દેખાતા વ્યક્તિ પાસે કમરના ભાગે પિસ્તોલ જેવું હથિયાર લટકાવેલું હોવાનું પણ વીડિયોમાં નજરે પડ્યું હતું. ઉપરાંત, કેટલાક લોકો “ગોળી મારી દઈશ” જેવી ધમકીઓ આપતા સંભળાતા હોવાથી સમગ્ર ઘટનાએ ગ્રામજનોમાં ભય ફેલાવ્યો હતો. પોલીસ તપાસમાં બીજી એક સફેદ કારના ડ્રાઈવર સાથે લામડાપુરાના સરપંચના પુત્ર ઉપેન્દ્રસિંહ રમણસિંહ પરમાર વાતચીત કરતા જોવા મળ્યા હતા. જેના આધારે પોલીસે ઉપેન્દ્રસિંહ પરમાર, કલ્પેશભાઈ, વીરુ તથા અન્ય અજાણ્યા 5થી 10 શખ્સો સામે ગુનો નોંધ્યો છે. મંજુસર પોલીસે વીડિયોમાં દેખાતા તમામ શખ્સોની ઓળખ કરી તેમની ધરપકડ કરી માફી મગાવી વરઘોડો કાઢ્યો હતો.

### મોંઘવારીનો માર કે ચોરીનો નવો ટ્રેન્ડ?

# સયાજીગંજની દુકાનમાંથી તેલના ડબ્બાની કરતો ગઠિયો ઝડપાયો

(પ્રતિનિધિ), વડોદરા. તા.૧૬ સયાજીગંજની દુકાનમાંથી તેલના ડબ્બાની ચોરી કરનાર બે શખ્સોને પોલીસે ગણતરીના કલાકોમાં ઝડપી પાડી ગુનાનો ભેદ ઉકેલી નાખ્યો છે. પોલીસે ચોરીનો માલ અને બાઈક સહિત રૂ.35 હજારનો મુદ્દામાલ કબજે કર્યો છે. વડોદરાના સયાજીગંજ વિસ્તારમાં આવેલ દર્શનમ ટ્રેડ સેન્ટર-3 સ્થિત જીવન ઓઇલ વર્લ્ડ દુકાનમાંથી તેલના ડબ્બાની ચોરીનો ભેદ પોલીસે ઝડપી તપાસથી ઉકેલી નાખ્યો છે. ગત 13 જૂનના રોજ બપોરે બે શખ્સો બાઈક પર દુકાન પાસે આવ્યા હતા. જેમાંથી એક આરોપી દુકાનમાં પ્રવેશી કોઈની નજર ચૂકવી તેલનો ડબ્બો લઈને બહાર નીકળ્યો હતો અને પોતાના સાથીની બાઈક પર મૂકી બંને સ્થળ પરથી ફરાર થઈ ગયા હતા. સયાજીગંજ પોલીસે CCTV ફૂટેજ અને હ્યુમન સોર્સની મદદથી આરોપીઓ સુધી પહોંચવામાં સફળતા મેળવી હતી. ડેરીડેન સર્કલ નજીક મળેલી બાતમીના આધારે પોલીસે સુર્યા પેલેસ હોટલ સામે આવેલા અંબેમાતા મંદિર પાસેથી ઓમવીર સતપાલસિંહ ઠાકુર અને રાજ ઉર્ફે રાજકુમાર ભરત દરબારને ઝડપી પાડ્યા હતા. પૂછપરછ દરમિયાન બંનેએ ચોરીની કબૂલાત કરી હતી. પોલીસે બંને આરોપીઓ પાસેથી ચોરીના બે તેલના ડબ્બા તથા ચોરીમાં વપરાયેલી બાઈક મળી રૂ.35 હજારનો મુદ્દામાલ કબજે કર્યો છે. તપાસ દરમિયાન બહાર આવ્યું છે કે બંને આરોપીઓ અગાઉ પણ અનેક ગુનાઓમાં સંડોવાયેલા છે. ઓમવીર સામે શહેરના વિવિધ પોલીસ મથકોમાં ચોરી અને અન્ય ગુનાઓ નોંધાયેલા છે, જ્યારે રાજ ઉર્ફે રાજકુમાર સામે પણ ચોરી, ઘરફોડ અને મારામારી સહિતના અનેક ગુનાઓ નોંધાયેલા હોવાનું પોલીસ તપાસમાં સામે આવ્યું છે.

### પાલિકાના પાપે રસ્તાઓ પર નદીઓ વહી રહી છે

# ગાજરાવાડીમાં પાણીની લાઈનમાં ભંગાણ થતાં પાણીનો વેડફાટ થયો



(પ્રતિનિધિ), વડોદરા. તા.૧૬ વડોદરામાં સ્માર્ટ સિટીના મોટા-મોટા દાવાઓ વચ્ચે તંત્રની ગંભીર બેદરકારી ફરી એકવાર સપાટી પર આવી છે. શહેરમાં પીવાના શુદ્ધ પાણીનો બેફામ વેડફાટ થવાની ઘટનાઓ અટકવાનું નામ નથી લઈ રહી. સોમવારે કોઠી ચાર રસ્તા પાસે પાણીની લાઈનના વાલ્વમાં ભંગાણ સર્જાયા બાદ, મંગળવારે વહેલી સવારથી ગાજરાવાડી સ્મશાન રોડ પર પાણીની મુખ્ય લાઈનમાં મોટું લીકેજ જોવા મળ્યું હતું. બિહાર ટોકીઝથી ગાજરાવાડી તરફ જતા મુખ્ય માર્ગ પર સવારે સાડા સાત વાગ્યાથી હજારો લીટર ચોખ્ખું પાણી રસ્તા પર વહીને સીધું ગટરમાં ભેગું થઈ રહ્યું છે. એક તરફ ઉનાળાની સિઝનમાં વડોદરાના અનેક વિસ્તારોમાં રહીશોને પૂરતા પ્રેશરથી પાણી મળતું નથી, ત્યારે પાલિકાના સત્તાધીશોની બેદરકારીને કારણે કિંમતી શુદ્ધ પાણી ગંદકીમાં ફેરવાઈ રહ્યું છે. સ્થાનિક નાગરિકો અને સામાજિક કાર્યકરોના જણાવ્યા અનુસાર, સમગ્ર ગાજરાવાડી વિસ્તાર છેલ્લા કેટલાય સમયથી દૂષિત અને ગંદા પાણીની ગંભીર સમસ્યાનો સામનો કરી રહ્યો છે. વડોદરા મહાનગરપાલિકા દ્વારા એક જગ્યાએ લીકેજનું સમારકામ કરવામાં આવે છે ત્યાં બીજી જગ્યાએ ભંગાણ સર્જાય છે. ભૂતકાળમાં નંખાયેલી પાણીની આ પાઈપલાઈનો બહુ જૂની નથી, તેમ છતાં વારંવાર થતા લીકેજ પાલિકાની કામગીરી અને પાઈપોની ગુણવત્તા સામે મોટા સવાલો ઊભા કરે છે. લાઈનો નાખવામાં ક્વોલિટી જાળવવામાં ન આવી હોવાથી પ્રજાના પરસેવાની કમાણીના નાણાં વારંવાર સમારકામના નામે વેડફાઈ રહ્યા છે અને લોક સુવિધા ખોરવાઈ રહી છે. આ પરિસ્થિતિને પગલે સ્થાનિક લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. વારંવાર ઉદ્ભવતી આ સમસ્યાના કારણે રહીશોને ભારે હાલાકી ભોગવવી પડે છે. વડોદરાના મ્યુનિસિપલ કમિશનર અને પાણી પુરવઠા વિભાગના ઉચ્ચ અધિકારીઓ આ બાબતને ગંભીરતાથી લે તેવી લોક માંગ ઉઠી છે. તંત્ર દ્વારા સમગ્ર વિસ્તારમાં યોગ્ય સર્વે કરીને આવા નાના-મોટા તમામ લીકેજો શોધીને તેનો કાયમી ઉકેલ લાવવો જરૂરી બન્યો છે.

### સવારે 8 થી રાત્રે 8 સુધી સ્પીડ પોસ્ટ-પાર્સલ સેવા મળશે

# રાવપુરા હેડ પોસ્ટ ઓફિસમાં ટપાલ બુકિંગ સમય વધારાયો



(પ્રતિનિધિ) વડોદરા,તા.16 ભારતીય ટપાલ વિભાગ, વડોદરા પૂર્વ વિભાગ દ્વારા ગ્રાહક સુવિધાને ધ્યાને રાખીને મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. રાવપુરા સ્થિત વડોદરા હેડ પોસ્ટ ઓફિસ 390001 ખાતે મેઈલ બુકિંગ કાઉન્ટરનો કાર્ય સમયગાળો લંબાવીને હવે સવારે 08:00 થી રાત્રે 20:00 વાગ્યા સુધી કરી દેવામાં આવ્યો છે. ગ્રાહકોને વધુ સુવિધા પૂરી પાડવાના હેતુથી આ સુધારો કરવામાં આવ્યો છે. હવે દર સોમવારથી શનિવાર સુધીના તમામ કાર્યકારી દિવસોમાં મેઈલ બુકિંગ કાઉન્ટર સતત 12 કલાક સુધી કાર્યરત રહેશે. અગાઉ મર્યાદિત સમયમાં સેવા મળતી હોવાથી નોકરિયાત વર્ગ અને વેપારીઓને મુશ્કેલી પડતી હતી, જે હવે દૂર થશે. આ વિસ્તૃત કાર્ય સમય દરમિયાન જાહેર જનતા સ્પીડ પોસ્ટ, રજિસ્ટર્ડ પોસ્ટ, પાર્સલ તથા અન્ય ટપાલ સેવાઓના બુકિંગ માટે મેઈલ બુકિંગ કાઉન્ટરની સુવિધાનો સરળતાથી લાભ લઈ શકશે. ખાસ કરીને સાંજના સમયે ઓફિસેથી છૂટ્યા બાદ પણ નાગરિકો ટપાલ સંબંધિત કામગીરી કરાવી શકશે. ભારતીય ટપાલ વિભાગે તમામ ગ્રાહકોને આ વિસ્તૃત સેવા સુવિધાનો મહત્તમ ઉપયોગ કરવા અનુરોધ કર્યો છે. વિભાગનું માનવું છે કે સમય વધારવાથી રાવપુરા હેડ પોસ્ટ ઓફિસ પર ભીડ ઘટશે અને ગ્રાહકોને ઝડપી સેવા મળી રહેશે.

### ડૉક્ટરો પર થતા હુમલા રોકવા લાવવામાં આવ્યો હતો નિયમ

# કોલ્ડસ્ટોરેજમાં ખામી બદલ તબીબ જ જવાબદાર: વિવાદાસ્પદ નિર્ણય મોકૂફ

(પ્રતિનિધિ), વડોદરા. તા.૧૬ સયાજી હોસ્પિટલ તંત્ર દ્વારા કોલ્ડ રૂમમાં મૃતક વિષે લેવાયેલો એક સંવેદનહીન ગણાય તેવો નિર્ણય ભારે વિરોધ અને વિવાદ બાદ હાલ પૂરતો મોકૂફ રાખવામાં આવ્યો છે. તાજેતરમાં હોસ્પિટલ પ્રશાસન દ્વારા કોલ્ડ સ્ટોરેજમાં પાર્થિવ દેહ મૂકવા માટેના ફોર્મમાં એક ખાસ ક્લોઝ (શરત) ઉમેરવામાં આવી હતી, જેને લઈને હોસ્પિટલ તંત્ર વિવાદોના ઘેરામાં આવ્યું હતું. જોકે, ઉચ્ચ સત્તાવાળાઓની સૂચના બાદ આ નિર્ણયને તાત્કાલિક અસરથી સ્થગિત કરી દેવામાં આવ્યો છે. આ સમગ્ર મામલે સ્પષ્ટતા કરતા સયાજી હોસ્પિટલના આર.એમ.ઓ. ડૉ. હિતેન્દ્ર ચૌહાણે જણાવ્યું હતું કે, મૃતદેહને કોલ્ડ સ્ટોરેજ રૂમમાં રાખવો એ એક શુદ્ધ એન્જિનિયરિંગ પ્રક્રિયા છે. તેનું મેન્ટેનન્સ, તાપમાન જાળવવું અને અન્ય ટેકનિકલ દેખરેખ સંપૂર્ણપણે એન્જિનિયરિંગ વિભાગ હસ્તક હોય છે. પરંતુ થોડા સમય પહેલાં હોસ્પિટલમાં એક એવી ઘટના ઘટી હતી જેમાં કોલ્ડ સ્ટોરેજની કોઈ ખામી બદલ તબીબને જવાબદાર ગણી તેમના પર હુમલો કરવામાં આવ્યો હતો. આર.એમ.ઓ. ડૉ. હિતેન્દ્ર ચૌહાણ ના જણાવ્યા અનુસાર, હોસ્પિટલ તંત્રનો હેતુ માત્ર તબીબોની સુરક્ષા અને પબ્લિકને મશીનરીની મર્યાદાઓ સમજાવવાનો જ હતો. પરંતુ, આ નિર્ણય સામે ઉઠેલા સવાલો અને સંવેદનશીલતાને ધ્યાનમાં રાખીને હોસ્પિટલના ઉચ્ચ સત્તાવાળાઓ દ્વારા આ નિર્ણયને હાલ પૂરતો મોકૂફ રાખવાનો આદેશ આપવામાં આવ્યો છે, જેને પગલે ફોર્મની એ વિવાદાસ્પદ શરત હાલ પૂરતી અમલમાં નહીં રહે. કોઈપણ મશીનમાં ટેકનિકલ ખામી સર્જાઈ શકે છે, જેના માટે તબીબો જવાબદાર નથી હોતા. હોસ્પિટલ તંત્ર આ કેબિનેટની જાળવણી માટે પૂરા પ્રયાસો કરે જ છે. જનતાને આ બાબતે અગાઉથી જ જાગૃત કરવા ફોર્મમાં ક્લોઝ રાખવામાં આવ્યો હતો.

ગાંધીનગરથી આકરા શબ્દોમાં આદેશ આપતાં આરોગ્ય મંત્રી પ્રફુલ પાનસેરિયાએ જણાવ્યું છે કે, મૃત્યુ પામનાર વ્યક્તિના દેહનું સંપૂર્ણ સન્માન થવું જ જોઈએ. આ ગંભીર મામલે દરેક પક્ષે પોતાની જવાબદારી સ્વીકારવી પડશે. મંત્રીએ વિવાદિત પરિપત્રને તાત્કાલિક અસરથી દૂર કરવા સૂચના આપી દીધી છે અને ભવિષ્યમાં આવી બાબતોમાં હોસ્પિટલના વડાની જ સીધી જવાબદારી ફિક્સ રહેશે તેવી કડક ચીમકી આપી છે. બીજી તરફ, સમગ્ર વિવાદ અંગે એસએસજીના સુપ્રિટેન્ડન્ટ ડૉ. રંજન ઐયરે સ્પષ્ટતા કરતાં કહ્યું છે કે હોસ્પિટલનો ઈરાદો પોતાની જવાબદારીમાંથી છટકવાનો બિલકુલ નહોતો. પોલીસ દ્વારા લવાતી બિનવારસી લાશો, પીએમ વેઈટિંગ અને NRIના સગાની લાશો લાંબા સમય સુધી રાખવી પડતી હોય છે. ક્યારેક પાવર કટ કે મશીન બગડવા જેવા મર્યાદિત સંજોગોને ધ્યાનમાં રાખીને જ આ નોંધ મૂકવામાં આવી હતી, જેને વિવાદ વણસતાં હવે કાયમી ધોરણે પાછી ખેંચી લેવામાં આવી છે.

### ભેજ સાથે ઉકળાટથી લોકો પરેશાન

# શહેરમાં ગરમીનો પારો ૩૯.૨ ડિગ્રીએ પહોંચ્યો

(પ્રતિનિધિ) વડોદરા,તા.16 વડોદરા શહેરમાં ગરમીએ ફરી માઝા મૂકી હતી. મંગળવારે મહત્તમ તાપમાન 39.2 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. જ્યારે લઘુત્તમ તાપમાન પણ 29.4 ડિગ્રી રહેતા વહેલી સવારથી જ ગરમીનો અનુભવ થયો હતો. હવામાન વિભાગના આંકડા મુજબ, સવારે ભેજનું પ્રમાણ 66% જેટલું ઊંચું રહ્યું હતું, જેના કારણે બફારો અને ઉકળાટથી લોકો પરેશાન થયા હતા. સાંજે ભેજનું પ્રમાણ ઘટીને 39% થયું હોવા છતાં, 39 ડિગ્રીની આસપાસના તાપમાને નાગરિકોને રાહત મળી ન હતી. બપોરના સમયે રસ્તાઓ સૂમસામ ભાસતા હતા અને લોકો ગરમીથી બચવા માટે ઠંડા પીણાં, છાશ અને શેરડીના રસનો સહારો લેતા જોવા મળ્યા હતા. સતત ઉકળાટ અને પરસેવાના કારણે શ્રમિક વર્ગ, વેપારીઓ અને દ્વિચક્રી વાહનચાલકો સૌથી વધુ હાલાકી ભોગવી રહ્યા છે. ડોક્ટરોના મતે, આટલી ગરમી અને ભેજમાં લૂ લાગવાનું જોખમ વધી જાય છે. બિનજરૂરી બહાર ન નીકળવું, વધુમાં વધુ પાણી પીવું અને સુતરાઉ કપડાં પહેરવાની સલાહ આપવામાં આવી છે. હવામાન ખાતાની આગાહી મુજબ, હજુ આગામી 2-3 દિવસ સુધી ગરમીનો પારો ઊંચો રહેવાની સંભાવના છે. ચોમાસું નજીક હોવા છતાં વરસાદી માહોલ જામતો ન હોવાથી ઉકળાટ યથાવત રહ્યો છે. નોંધનીય છે કે, છેલ્લા કેટલાક દિવસોથી વાતાવરણમાં વાદળો છવાયેલા જોવા મળી રહ્યા છે.

### વૃક્ષારોપણના નામે માત્ર ફોટો સેશનનો વિસ્તારના રહીશોનો આક્ષેપ

# રામનાથ તળાવના બ્યુટીફિકેશનમાં લાખોનો ખર્ચ પણ ગંદકી જૈસે થે



(પ્રતિનિધિ) વડોદરા,તા.16 વડોદરા શહેરના ગાજરાવાડી વિસ્તારમાં આવેલા ઐતિહાસિક રામનાથ તળાવના બ્યુટીફિકેશન અને વૃક્ષારોપણની કામગીરીને લઈને મોટો વિવાદ સર્જાયો છે. પાલિકા તંત્ર અને શાસક પક્ષની કામગીરી સામે ગંભીર સવાલો ઉઠાવી આજે વિરોધ પક્ષ દ્વારા તળાવ પરિસર ખાતે ઉગ્ર વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. વોર્ડ નંબર-૧૪ માં આવેલા આ તળાવ પર એકત્રિત થયેલા સ્થાનિક પ્રતિનિધિઓ, આગેવાનો અને કાર્યકરોએ તંત્રની નીતિઓ સામે ભારે નારાજગી વ્યક્ત કરી સૂત્રોચ્ચાર કર્યા હતા. આ વિરોધ કાર્યક્રમમાં સ્થાનિક વિસ્તારના જનપ્રતિનિધિઓ અને પક્ષના અનેક હોદ્દેદારો તેમજ કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. વિપક્ષી નેતાઓએ તળાવ પરિસરની રૂબરૂ મુલાકાત લીધા બાદ સ્થળ પરની વાસ્તવિક સ્થિતિ અંગે શાસકોને ઘેર્યા હતા. વિરોધ પક્ષે ગંભીર આક્ષેપ કર્યો છે કે, રામનાથ તળાવના બ્યુટીફિકેશન પાછળ પ્રજાના ટેક્સના લાખો રૂપિયાનો આંધણ કરવામાં આવ્યો હોવા છતાં, તળાવની યોગ્ય કે વૈજ્ઞાનિક ઢબે સફાઈ કરવામાં આવી નથી. . આ ઉપરાંત, તાજેતરમાં શાસક પક્ષ દ્વારા તળાવ કિનારે યોજાયેલા ભવ્ય વૃક્ષારોપણ કાર્યક્રમને પણ વિપક્ષે તીખો નિશાન બનાવ્યો હતો. વિપક્ષનો આરોપ છે કે માત્ર ફોટો સેશન, સસ્તી પ્રસિદ્ધિ અને વાહવાહી લૂંટવા માટે વૃક્ષારોપણના નામે મોટા તાયફા તો કરી દેવાયા, પરંતુ ત્યારબાદ તે છોડ કાળજી ના રખાતા સુકાઈ જાય છે.

### આગામી 20 જૂનથી રજિસ્ટ્રેશન શરૂ

# ડિપ્લોમા ઈજનેરીના બીજા વર્ષમાં વર્કિંગ પ્રોફેશનલ્સને સીધો પ્રવેશ



(પ્રતિનિધિ) વડોદરા,તા.16 એડમિશન કમિટી ફોર પ્રોફેશનલ ડિપ્લોમા કોર્સિસ દ્વારા વર્કિંગ પ્રોફેશનલ્સ માટે ડિપ્લોમા ઈજનેરીના બીજા વર્ષમાં પ્રવેશનો સત્તાવાર કાર્યક્રમ જાહેર કરાયો છે. આ યોજના હેઠળ રાજ્યની કુલ 23 માન્ય સરકારી અને ખાનગી કોલેજોની 1,680 બેઠકો પર પ્રવેશ પ્રક્રિયા હાથ ધરાશે. લાયકાત ધરાવતા અને હાલ નોકરી કરતા ઉમેદવારો આગામી 20 જૂનથી 30 જૂન 2026 દરમિયાન નિયત સંસ્થાઓ ખાતે રૂબરૂ જઈને રજિસ્ટ્રેશન કરાવી શકશે. કમિટી દ્વારા તા. 10 જુલાઈએ ફાઈનલ મેરિટ અને 15 જુલાઈએ એડમિશન એલોટ કરવામાં આવશે. ધોરણ-10 પાસ અને NCVT, GCVT, TEB અથવા IGTR માન્ય બે વર્ષનો સર્ટિફિકેટ કોર્સ ધરાવતા ઉમેદવારો અરજી કરી શકશે. આ ઉપરાંત ઈન્ડસ્ટ્રીનો લઘુત્તમ એક વર્ષનો નોકરીનો અનુભવ અને હાલમાં નોકરી ચાલુ હોવી અનિવાર્ય છે. ઉમેદવારે પોતાના રહેઠાણ અથવા નોકરીના સ્થળથી 75 કિલોમીટરની ત્રિજ્યામાં આવેલી માન્ય સંસ્થાનો સંપર્ક કરીને ત્યાં જ સંસ્થાકીય ઓનલાઈન રજિસ્ટ્રેશન કરાવવાનું રહેશે. કુલ 23 સંસ્થાઓ પૈકી 7 સરકારી સંસ્થાઓમાં 570 બેઠકો અને 16 ખાનગી સંસ્થાઓમાં 1,110 બેઠકો મંજૂર થયેલી છે.

### આ મહિનાના અંત સુધીમાં શહેરમાં પાણીનો પ્રવાહ વધશે : મ્યુનિ.કમિશનર

# હવે, આજવા સરોવરના તળિયેથી પણ પાણી ખેંચશે ફ્લોટિંગ પંપ



વડોદરાઃ ઉનાળાની આકરી ગરમી વચ્ચે વડોદરા શહેરમાં વર્તાઈ રહેલી પીવાના પાણીની તંગીને કાયમી ધોરણે દૂર કરવા માટે વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનના મ્યુનિસિપલ કમિશનર અરુણ મહેશ બાબુ દ્વારા એક અત્યંત મહત્વપૂર્ણ અને નક્કર વહીવટી પગલું ભરવામાં આવ્યું છે. શહેરની જીવાદોરી સમાન આજવા સરોવર ખાતે પાણી ખેંચવા માટે આધુનિક ટેકનોલોજી આધારિત ફ્લોટિંગ પંપીંગ સિસ્ટમ સફળતાપૂર્વક ઈન્સ્ટોલ કરી દેવામાં આવ્યું છે. મ્યુનિસિપલ કમિશનરના આદેશ અને સીધા સુપરવિઝન હેઠળ આ નવી વ્યવસ્થા કાર્યરત થવાથી ચાલુ મહિનાના અંત સુધીમાં જ વડોદરાના નાગરિકોને પાણીની સમસ્યામાંથી મોટી રાહત મળવાની પૂરેપૂરી શક્યતા છે. વડોદરા કોર્પોરેશનના પાણી પુરવઠા વિભાગ દ્વારા લાંબા સમયના આયોજન અને આશરે રૂપિયા ૨ કરોડથી વધુના ખર્ચે આજવા ખાતે પોન્ટુન સ્ટ્રેન્ધનીંગ અને ઈન્સ્ટોલેશનની કામગીરી યુદ્ધના ધોરણે પૂર્ણ કરવામાં આવી છે. અગાઉ વાવાઝોડા અને પ્રતિકૂળ હવામાનને કારણે આ સિસ્ટમને થયેલા નુકસાન બાદ, કમિશનર અરુણ મહેશ બાબુએ તંત્રને ખાસ સૂચના આપીને તેને વધુ મજબૂતાઈ સાથે પુનઃસ્થાપિત કરાવી છે. આ સિસ્ટમ સરોવરના ઊંડા પાણીમાંથી પણ કાર્યક્ષમ રીતે પાણી ખેંચીને શુદ્ધિકરણ પ્લાન્ટ સુધી પહોંચાડવામાં સક્ષમ છે, જેના કારણે સરોવરની સપાટી નીચી જાય તો પણ શહેરમાં પાણીનો પુરવઠો ખોરવાશે નહીં. મ્યુનિસિપલ કમિશનર અરુણ મહેશ બાબુના સત્તાવાર આયોજન અને માર્ગદર્શન હેઠળ આ સમગ્ર પ્રોજેક્ટને બે તબક્કામાં વહેંચવામાં આવ્યો છે. જેમાં પ્રથમ તબક્કાની કામગીરી પૂર્ણ થતાં જ વડોદરા શહેરને તાત્કાલિક ધોરણે દૈનિક વધારાનું ૭૫ મિલિયન લીટર પ્રતિ દિન (MLD) પાણી મળતું થઈ જશે.